# સુવર્ણપુરી તીર્થ ભક્તિવર્ષા



## (A-1)
## પ્રભુ આશ ધરીને અમે

(આવેલ આશા ભર્યા–એ દેશી)

પ્રભુ આશ ધરીને અમે આવિયારે,
અમને ઉતારો ભવોદધિ પાર રે,
જિનરાજ લગન લાગી રે. (ટેક)

સીમંધરજિન ચંદલોરે, છે મહાવિદેહનો દેવ રે; જિ૦
રાગ-દ્વેષ-મલ્લ જીતિયારે, દીઠે થાય છે પરમાનંદ રે; જિ૦

પ્રભુજી સાથે પ્રીત બાંધીરે, પુણ્ય ફળ્યા અપાર રે; જિ૦
મિથ્યામતિ જોર ટાળિયોરે, મળ્યા મનચિંતિત દાતાર રે; જિ૦

મનમંદિર વ્હેલા આવજોરે, આપ સાથે કીધો છે ખરો સ્નેહ રે;
નામ તમારું નિત્ય સાંભરેરે, વળી ટળે છે નામથી સંદેહ રે; જિ૦

ચંદ્ર સમાન શીતળ શોભતારે, જેમ પૂનમચંદ્ર સુખકાર રે; જિ૦
શાસન લાગ્યું છે મને મીઠડું રે, દાસ ચરણે નમે છે વારંવાર રે;

સહકાર આગે શી માગણી રે, જિનજી મોંઘે કાળે મળ્યા આજ રે; જિ૦
પાકા વોળાવા મને ભેટિયા રે, જિનભક્તના સિધ્યાં કાજ રે, જિ૦